# મોડાસાના મરડીયા નજીક ટ્રક પાછળ કન્ટેનર અથડાતા ગમખ્વાર અકસ્માત

## ટ્રક ડ્રાઈવરને ભારે જહેમત બાદ ટ્રકમાંથી કાઢ્યો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં ભાર વાહક વાહનના ચાલકો વાહનો પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હોવાથી અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. બેફિકરાઈ ભરી રીતે હંકારતા વાહનચાલકોને ભોગે અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાવાની ઘટનાઓ સતત બની રહી છે. મોડાસાના મરડીયા નજીક પેટ્રોલપંપ પાસે વળાંકમાં ટ્રક ચાલકની પાછળ કન્ટેનર ઘુસી જતા ગમખ્વાર અકસ્માતમાં ટ્રક ડ્રાઈવરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.



ગુરૂવારે મોડી રાત્રીએ મોડાસા-શામળાજી હાઈવે પર આવેલા મરડીયા પાટિયા નજીક એક પેટ્રોલપંપ પાસે વળાંકમાં ટ્રક પાછળ શામળાજી તરફથી આવતું ટ્રક-કન્ટેનરના ચાલકે ટક્કર મારતા ટ્રક-કન્ટેનરના કેબીનના ફુરચે ફુરચા નીકળી ગયા હતા. ટ્રકનો ડ્રાઈવર કેબિનમાં ફસાઈ જતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ની ટીમ અને પોલીસે અઢી કલાકની ભારે જહેમત બાદ ટ્રક કેબિનમાંથી જીવતો બહાર કાઢવામાં સફળતા મળતા ગંભીર ઈજાગ્રસ્ત ટ્રક ડ્રાઈવરને ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ માથે સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતના પગલે સતત વાહનોથી ધમધમતા રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા વાહનચાલકો ટ્રાફિકમાં અટવાયા હતા.

### મોડાસાના એસડીએમ દ્વારા યોજાયેલી

# અરવલ્લી જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં તમામ દસ ડિરેક્ટરો બિનહરીફ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લા સહકારી સંઘ, મોડાસાની ૨૦૨૦ની સામાન્ય ચૂંટણીમાં જુદા જુદા વિભાગોમાંથી વ્યવસ્થાપક કમિટીના તમામ દસ ડિરેક્ટરો બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે. જિલ્લા સંઘના ચૂંટણી સત્તાધિકારી અને મોડાસાના નાયબ કલેકટર મયંકભાઈ પટેલે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી.

જેમાં જિલ્લાના ૬ તાલુકાના ૬ પ્રતિનિધિઓ, તાલુકા સંઘો અને સહકારી જીન વિભાગના બે પ્રતિનિધિઓ અને નાગરીક બેંક-ક્રેડિટ સોસાયટી વિભાગના બે મળી કુલ દસ ડિરેક્ટરો માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આજરોજ તા.૧૩-૩-૨૦૨૦ના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના દિવસ સમયને અંતે દસ બેઠકો માટે દસ જ ઉમેદવારી ફોર્મ રહેતાં અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ચૂંટણી સત્તાધારી મયંકભાઈ પટેલ દ્વારા તમામ દસ ડિરેક્ટરો બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

જિલ્લાની આ સહકારી સંસ્થામાં બિન હરીફ ચૂંટાયેલા આ દસ ડિરેક્ટરોમા પ્રભુદાસ પુંજાભાઈ પટેલ(મોટી ઈસરોલ) ભીખાજી દુધાજી ડામોર(બાંઠીવાડા, મેઘરજ), જગદીશભાઈ શામજીભાઈ પટેલ, (વડાગામ-ધનસુરા), શામળભાઈ મુલચંદભાઈ પટેલ, (જીતપુર-મહાદેવગ્રામ) તા. મોડાસા), રાજેન્દ્રકુમાર જેઠાભાઈ પટેલ, (ભેસાવાડા-ધનસુરા), બાબુભાઈ મથુરભાઈ પટેલ, (ચોઈલા-બાયડ), રાજેન્દ્રસિંહ નહારસિંહ ભાટી (ટોરડા-ભિલોડા), ગુલાબચંદભાઈ ધીરૂભાઈ પટેલ, (મુનાઈ-ભિલોડા) હસમુખભાઈ રામાભાઈપટેલ,(પાદર-માલપુર) અને વિનોદભાઈ કેશાવલાલ શાહ(મોડાસા)નો સમાવેશ થાય છે. બિન હરીફ ચૂંટાઈ આવેલા તમામ ડિરેક્ટરોને અરવલ્લી - સાબરકાંઠાના સહકારી અગ્રણીઓએ અને કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં ૧૬ માર્ચથી ટેકાના ભાવે ઘઉં ખરીદી કેન્દ્ર ધમધમશે

અરવલ્લી જીલ્લામાં ખેડૂતોએ મોટા પ્રમાણમાં ઘઉંનું વાવેતર કરતા મબલખ ઉત્પાદન થતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.



રાજ્ય સરકારે ટેકાના ખરીદી કરવાની જાહેરાતત કરી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ઘઉંની ખરીદી માટે નોંધણી કરવામાં આવી રહી છે. આ સાથે જ ચણાની ખરીદી માટે પણ નોંધણી ચાલી રહી છે. રાજ્ય સરકારે ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે ૩૮૫/- રૂપિયા પ્રતિ મણ દીઠ નક્કી કરતા ખેડૂતોમાં આનંદ છવાયો છે. ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર ઘઉંનો પ્રતિ મણ રૂ. ૩૮૫ નક્કી કરતા ખેડૂતોમાં આનંદ છવાયો છે તેમજ ચણા પકવનાર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે પણ ટેકાના ભાવે ખરીદી કરવા માટે મોડાસા, મેઘરજ અને માલપુર ખાતે નોંધણી કરાઈ રહી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, ધનસુરા, બાયડ અને ટિંટોઈ સબયાર્ડ ખાતે ટેકાના ભાવે નોંધણી કરવાની કામગીરી ચાલી રહી છે. જેમાં નોંધણી કેન્દ્રો પર ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા માટે ખેડૂતોએ લાઈનો લગાવી દીધી છે. સરકારે ચાલુ સાલે આગામી ૧૬ માર્ચથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ કરવામાં આવશે તેવું ખરીદ કેન્દ્ર અધિકારીએ જણાવ્યું હતું.

# હિંમતનગર માર્કેટયાર્ડના વેપારીના ગોડાઉનમાં આગ

## ૩ કલાકની જહેમત બાદ ફાયરબ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો : ૫૦ હજાર લીટર પાણીનો છંટકાવ કર્યો

ગાંધીનગર, તા. ૧૩

હિંમતનગર માર્કેટયાર્ડમાં આવેલા એક વેપારીના ગોડાઉનમાં રાખેલ બારદાનના જથ્થામાં ગુરૂવારે અચાનક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. બપોરના સુમારે લાગેલી આગના કારણે ગોડાઉનમાં રાખેલ લાખ્ખો રૂપિયાના બારદાનના જથ્થા બળીને ખાખ થઈ ગયા હતા. ત્રણ કલાકની જહેમત બાદ ૫૦ હજાર લીટરથી વધુ પાણીનો છંટકાવ કરી હિંમતનગર ફાયરબ્રિગેડની ટીમે આગને કાબુમાં લીધી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર માર્કેટયાર્ડમાં આવેલ દુકાન નં. ૪૦ અશ્વિનકુમાર દાદુજીના ગોડાઉનમાં બારદાનના જથ્થા સહિત માલસામાન રાખવામાં આવ્યો હતો. ત્યારે ગુરૂવારે બપોરના સુમારે અચાનક અગમ્ય કારણોસર ગોડાઉનમાં આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. આસપાસના વેપારીઓ અને મજૂરો દ્વારા આગ ઓલવવા માટેના પ્રયાસો કર્યા હતા. પરંતુ આગના ગોટેગોટા આકાશમાં ઉંચે ચડતા આગને કાબુમાં લેવા માટે હિંમતનગર ફાયર ફાઈટર અધિકારીઓને જાણ કરવામાં આવી હતી.

હિંમતનગર ફાયર વિભાગના ફાયર ઈન્સ્પેક્ટર પ્રતાપસિંહ દેવડાએ આગની ઘટના અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે અશ્વિનકુમાર દાદુજીના માલિકીની ગોડાઉન નં. ૪૦માં અચાનક કોઈ તણખો પડ્યો હોવાથી આગની ઘટના બની હોય તેમ પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યુ છે. આગને કાબુમાં લેવા માટે ગોડાઉન દિવાલ તોડીને પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. અંદાજે ૫૦ હજારથી લિટરથી વધુ પાણીનો છંટકાવ કરીને ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી વધુ નુકશાન થતુ અટકાવ્યુ હતુ અને ફાયર વિભાગની કામગીરીને પણ માર્કેટયાર્ડના વેપારીઓએ બિરદાવી હતી.

## સુકાઆંબાની સીમમાં ઈકો કાર ટ્રેક્ટર સાથે અથડાતા બે ના મોત

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના ખેરોજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સુકાઆંબા ગામની સીમમાંથી ત્રણ દિવસ અગાઉ પસાર થઈ રહેલ એક ઈકો કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી ઈકોને ટ્રેક્ટર સાથે અથડાવી દીધી હતી. જેને લઈને ઈકો કારનાચાલક તથા ટ્રેક્ટરમાં બેઠેલા એક ઈસમને ગંભીર ઈજા થતા બંનેના મોત નિપજ્યા હતા. જે અંગેની ફરીયાદ ગુરૂવારે ખેરોજ પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે દાતા તાલુકાના માંકણચંપા ગામના પ્રકાશભાઈ શંકાભાઈ પરમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તા. ૧૧ માર્ચના રોજ સાંજના સુમારે સુકાઆંબા ગામની સીમમાંથી ઈકો કાર નં. જીજે-૧૮બીજી-૨૯૩૨ના ચાલક સંજયભાઈ મોતીભાઈ પરમારે ઈકો કારને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ પરથી પસાર થતા ટ્રેક્ટરની ટ્રોલીના પાછળના ભાગે અથડાવી દીધી હતી. જેને લઈને ટ્રેક્ટર ઉપર બેઠેલ અજમેલભાઈ શંકાભાઈ પરમાર ટ્રેક્ટરમાંથી નીચે પટકાતા ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. આ ઉપરાંત ઈકો કારના ચાલક સંજયભાઈને પણ વધુ ઈજા થતા તેમનુ મોત નિપજ્યુ હતુ. જે અંગે પ્રકાશભાઈએ ઈકો કારનાચાલક વિરૂદ્ધ ગુરૂવારે ખેરોજ પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ભુગોળ અને સેક્રેટરીયલ પ્રેક્ટીસ પરીક્ષા લેવાઈ

### એક પણ કોપીકેસ ન નોંધાયો

હિંમતનગર, તા. ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨ અને ધો. ૧૦ની પરીક્ષાઓ લેવામાં આવી રહી છે. ત્યારે ગુરૂવારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય વ્યવહાર તથા ભૂગોળ વિષયની પરીક્ષા લેવાઈ હતી. પરીક્ષા દરમ્યાન એક પણ કોપીકેસ નોંધાયો ન હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ સત્ર દરમ્યાન ગુરૂવારે સવારે સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વાણીજ્ય વ્યવહાર વિષયની પરીક્ષા યોજાઈ હતી. જેમાં કુલ ૧૯૬૭ વિદ્યાર્થીઓ પૈકી ૧૯૪૯ વિદ્યાર્થીઓ હાજર હતા. જ્યારે ૧૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમ્યાન એકપણ કોપીકેસ ન નોંધાયો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. તો બીજી સત્ર દરમ્યાન ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ભૂગોળ, જ્યારે વિજ્ઞાનમાં પ્રવાહમાં ગુજરાતી પ્રથમ ભાષા, સંસ્કૃત, અરેબીક, કોમ્પ્યુટર એજ્યુકેશન થિયરી વિષયની પરીક્ષા લેવાઈ હતી. શાંતિપૂર્ણ માહોલ વચ્ચે વિદ્યાર્થીઓ પરીક્ષાઓ આપી રહ્યા છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા પણ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપે તે પ્રકારની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

# પ્રાંતિજના વિદ્યાર્થીને લાકરોડાના ગૃહપતિએ માર મારતા ફરીયાદ

## નશામાં ચકચૂર ગૃહપતિએ વિદ્યાર્થીને સોટી વડે માર મારતા શરીરે સોર પડ્યા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજનો વિદ્યાર્થી કે જે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લાકરોડા ખાતે આવેલ લોકક્ષેત્ર સંચાલિત નવજીવન બક્ષીપંચ કુમાર છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે તે વિદ્યાર્થીને ગૃહપતિ દ્વારા વિદ્યાર્થીને નશાની હાલતમાં ઢોરની જેમ સોટી વડે માર મારવામાં આવતા બાળકને શરીરે સોર પડી ગયા હતા અને સંસ્થામાથી લાતો મારી કાઢી મુકતા પ્રાંતિજનો વિદ્યાર્થી પાંચ કિલો મીટર ચાલીને કપરી હાલતમાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે આવ્યો.

પ્રાંતિજનો વિદ્યાર્થી હેત પ્રફુલભાઈ રાવલ કે તે ધોરણ-૫ થી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લાકરોડા ખાતે આવેલ ગ્રામ ભારતી અમરાપુર સંચાલિત ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે અભ્યાસ કરે છે અને તેનીજ સંસ્થા લોકક્ષેત્ર સંચાલિત



નવજીવન બક્ષીપંચ કુમાર છાત્રાલયમાં રહે છે.

ગુરૂવારના રોજ છાત્રાલયના ગૃહપતિની રૂપમાં વિદ્યાર્થી પોતાનો મોબાઈલ લેવા જતાં વિદ્યાર્થી આવી જતા મારી રૂમમાં કેમ ગયો તેમ કહીને સંસ્થાના ગૃહપતિ જશુભાઈ મકવાણા દ્વારા નશાની હાલતમાં વિદ્યાર્થીને સોટીઓ વડે ઢોરની જેમ માર મારવામાં આવતાં બાળકના શરીરે સોર પડી ગયા હતા અને સોજા આવી ગયા હતા અને ગૃહપતિ દ્વારા વિદ્યાર્થીને પાટા મારી સંસ્થામાંથી કાઢી મુકવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થી ધોરણ-૧૦ની પરીક્ષા પણ આપી રહ્યો છે ત્યારે સંસ્થામાથી કાઢી મુકતા આ વિદ્યાર્થી તેવી હાલમાં પણ પાંચ કિલો મીટર ચાલીને રસ્તામાં બાઈક મળતા લિફ્ટ માંગતા બાઈક સવારે બાઈક ઉપર બેસાડી પોલીસ સ્ટેશન સુધી મુકી ગયો હતો. વિદ્યાર્થી દ્વારા પોલીસ જાણ કરાતા પોલીસ દ્વારા તેના પિતાનો કોન્ટેક્ટ કરાવી પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે મોકલી આપ્યો હતો. હાજર તબીબી દ્વારા વિદ્યાર્થીની સારવાર બાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી ત્યારે હવે જોવાનું એ રહ્યું કે કે આ ગૃહપતિ સામે એક્શન લેવાશે કે શું કે પછી આખીય ઘટના પડીકે બંધાશે એ તો આવનાર દિવસોમાં ખબર પડશે.



અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ઉડાણના કાળીયા કુવા વિસ્તારના કેશરપુરા ગામે નટુભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ પુંસરી તરફથી કેશરપુરા પ્રાથમિક શાળાના બાળકોને ચંપલ, બિસ્કીટનું વિતરણ કર્યું હતું. નટુભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ પુંસરીના નરેન્દ્ર પટેલ, અરવલ્લી જિલ્લા પ્રાથમીક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ, મેઘરજ તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘના પ્રમુખ યુનુસભાઈ હાજર રહ્યા. કેશરપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. કેશરપુરા પ્રાથમિક શાળા પરિવારે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## બહુચરાજી માતાના મંદિરમાં નવરાત્રી મહોત્સવ-૨૦૨૦ યોજાશે

મહેસાણા, તા. ૧૩

બેચરાજી ખાતે બહુચરાજી માતાના ધામે યોજાનાર ચૈત્રી નવરાત્રી મહોત્સવ-૨૦૨૦ સાથે પરંપરાગત લોકમેળો તા-૬ એપ્રિલથી ૮ એપ્રિલ-૨૦૨૦ દરમ્યાન યોજાનાર છે. બહુચરાજી મંદિરમાં સંવત ૨૦૭૬ના ચૈત્રી નવરાત્રી મહોત્સવ-૨૦૨૦ દરમ્યાન મંદિર પ્રક્ષાલન વિધિ ફાગણ વદ-૩૦(અમાસ) તા-૨૪ માર્ચ ૨૦૨૦ના મંગળવારએ બપોરે ૧-૩૦ કલાકે, ઘટ સ્થાપન વિધિ ચૈત્ર સુદ-૧ (એકમ) તા-૨૫ માર્ચ ૨૦૨૦ના બુધવારએ સવારે ૭-૩૦ કલાકે, શત ચંડી યજ્ઞનો પ્રારંભ ચૈત્ર સુદ-૬ (છઠ) તા. ૩૦ માર્ચ ૨૦૨૦ના સવારે ૧૦ કલાકે, શત ચંડી યજ્ઞ પુર્ણાહુતિ ચૈત્ર સુદ-૮(આઠમ) તા. ૧ એપ્રિલ ૨૦૨૦ના રોજ સાંજે ૪.૩૦ કલાકે, શ્રીમાતાજીની આઠમની સવારી તથા પલ્લી ખંડ નૈવેધ ચૈત્ર સુદ-૮ (આઠમ)ને તા. ૧ એપ્રિલ ૨૦૨૦ના રાત્રે ૯.૩૦ કલાકે શ્રી માતાજીની સવારીની જ મંદિરથી પ્રસ્થાન કરશે તથા રાત્રે ૧૨ કલાકે શ્રી માતાજીની પલ્લી નૈવેધ ભરાશે. નવરાત્રી ઉત્થાપન વિધિ ચૈત્ર સુદ-૧૦(દશમ) તા. ૩ એપ્રિલ ૨૦૨૦ એ સવારે ૭.૩૦ કલાકે, ચૈત્ર સુદ-૧૫ (પૂનમ)ની માતાજીની સવારી તા. ૮ એપ્રિલ ૨૦૨૦ના રોજ ૯.૩૦ કલાકે માતાજીના મંદિરથી નિકળી શંખલપુર મુકામે જશે. ભાવિક યાત્રીકોની જાણ માટે ચૈત્ર સુદ-૧૪ (ચૌદશ)એ તા. ૭ એપ્રિલ ૨૦૨૦ના રોજ સવારે ૫ કલાકથી તા. ૮ એપ્રિલ ૨૦૨૦ના રોજ પૂનમની રાત્રે શ્રીમાતાજીની સવારી શંખલપુરથી પરત આવે ત્યાં સુધી દર્શનાર્થીઓ માટે મંદિરના દ્વાર સતત ખુલ્લા રહેશે તેમ વહીવટદાર અને નાયબ કલેકટર બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ બહુચરાજી, મહેસાણાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# વડગામના માનપુરામા ગામની સુખાકારી માટે સાધુએ ૨૧ દિવસ ઉભા રહી વ્રત કર્યું

વડગામ,

વડગામ તાલુકાના માનપુરા ગામમાં ગામની સુખાકારી માટે શિવવિરી માહારાજએ ૨૧ દિવસ ૨૧ દિવસ સુધી સતત ઉભા રહીને મહાદેવજી ની ભક્તિ કરી હતી.આં અંગે ગ્રામ જનોને જાણ થતાં ગ્રામજનો દ્વારા શિવગીરી વિચાર આવતા મેં જમીન ઉપર બેસવુ નહીં ઉભા રહી ને ૨૧ દિવસ વ્રત છે.આ પ્રસંગે યશવંત ગીરીબાપુ,નાગરપુરા મહાદેવના



ઉભા રહી વ્રત કર્યું હતું.ગ્રામજનો દ્વારા સાધુ નું સન્માન કર્યું હતું.

વડગામ તાલુકાના માનપુરા ગામમાં નર્મદે સ્વર મહાદેવ નું મંદિર આવેલું છે.આ મહાદેવ મંદિર મા કેટલાય સમયથી શિવગુરી માહારાજ પૂજા અર્ચના કરેછે. તેમને શિવરાત્રીના દિવસે ગામની સુખાકારી માટે વ્રત કરવાનો વિચાર આવતા તેમણે જમીન બેસવાનું બંધ કરી દીધું હતું. શિવરાત્રી ના દિવસ થી માહારાજ (મહંત)ની પુજા કરીને હતી. શુક્રવાર ના શિવગિરી માહારાજને ૨૧ દિવસ પૂરા થતા ગ્રામજનો દ્વારા નર્મદેશ્વર માહાદેવ ની અભિષેક ની પૂજા અર્ચના કરી શીવગીરી માહારાજ નું સન્માન કરી ફૂલહાર પહેરાવી છાલ ઓઢાડી તેમના વ્રતનું પુર્ણ કરાયું હતું. આં અંગે શિવગીરિ માહારાજે જણાવ્યું હતું કે મને શિવરાત્રીના દિવસે ગામની સુખાકારી માટે વ્રત કરવાનો ગાદીપતિ અરવિંદ ગિરિ બાપુ, ગામના આગેવાનો પ્રજાપતિ પીતાંબર કાકા,દિલીપ ભાઈ પંચાલ,અશોક ભાઈ પંચાલ,પરેસ ભાઈ પંચાલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને આવેલા સંતો મહંતો ના આશીર્વાદ લઈ ભોજન પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. તસ્વીર જગદીશ શ્રીમાળી વડગામ ફોટા મોકલ્યા છે

# હિંમતનગર પાલિકાનું ૧૬ કરોડની પુરાંતવાળુ વિકાસલક્ષી બજેટ

## કરવેરા વિનાના તથા નવા વિકાસકામો કરવાના વચન અપાયા

## વર્ષ-૨૦-૨૧માં હિંમતનગર પાલિકાને ૫૩૦૦ લાખની ગ્રાન્ટ મળશે

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગર નગરપાલિકાની શુક્રવારે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજે રૂ. ૧૬ કરોડની પુરાંતવાળુ તથા વિકાસલક્ષી બજેટ સત્તાધારી અને વિપક્ષના સભ્યોએ ચર્ચાને અંતે સર્વાનુમતે બહાલી આપીને મંજુરીની મહોર મારી હતી. આ બજેટમાં શહેરમાં ત્રણ નવા ઓવરબ્રિજ સહિત અન્ય વિકાસકામો કરાશે. બજેટમાં સુચવાયા મુજબ હિંમતનગર પાલીકાને વર્ષ ૨૦-૨૧માં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ હેડે મળતી ગ્રાન્ટમાંથી અંદાજે રૂ.૫૩૦૦ લાખ મળશે. આ બજેટમાં પાલિકા દ્વારા નવા કોઈ કરવેરા નાંખવામાં આવ્યા નથી.

આ અંગે પાલિકા પ્રમુખ અનિરૂદ્ધભાઈ સોરઠીયા તથા ચીફ ઓફીસર અલ્પેશ પટેલના જણાવાયા મુજબ હિંમતનગર નગરપાલિકાનું શુક્રવારે પાલિકાના સભાખંડમાં યોજોયલ સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦-૨૧નું વિકાસલક્ષી તથા નવા કરવેરા વિનાનું બજેટ રજુ કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકાનું આ બજેટ રૂ. ૧૬ કરોડની પુરાંતવાળુ બતાવાયુ છે. વર્ષ દરમ્યાન નગરપાલિકાને મળનારી વિવિધ ગ્રાન્ટોમાંથી થનારી આવકનો ઉપયોગ શહેરના વિકાસકામો માટે ખર્ચાશે.

બજેટમાં સુચવાયા મુજબ વર્ષ ૨૦-૨૧ દરમ્યાન ગોકુલનગર, દુર્ગા બજાર સહિત અન્ય એક સ્થળે મળી ત્રણ નવા ઓવરબ્રિજ બનાવવાનો લક્ષ્યાંક રખાયો છે. સાથોસાથ અત્યારે હાલ નગરપાલિકા ભવન જે સ્થળે કાર્યરત છે ત્યાં જુનુ મકાન જમીનદોસ્ત કરીને રૂ. ૬ કરોડના ખર્ચે ત્રણ માળ વાળુ અદ્યતન અને પાર્કિંગની સુવિધા ધરાવતુ નવુ પાલિકાભવન દસ માસમાં તૈયાર કરાશે તથા રેનબસેરા (ગરીબ આવાસ) માટે પણ રૂ. ૨૧૦ લાખની જોગવાઈ કરાઈ છે. નવા રસ્તાઓ બનાવવા માટે અંદાજે રૂ. ૨૫૦ લાખ ખર્ચાશે.

નગરપાલિકાને વર્ષ ૨૦-૨૧ દરમ્યાન વિવિધ કરવેરાઓમાંથી અંદાજે રૂ. ૯૧,૧૦૦,૦૦૦ની આવક થશે. કરવેરા સિવાયની નગરપાલિકાની વિવિધ મિલ્કતોમાંથી રૂ. ૧૧,૮૭૦,૦૦૦ મળશે તો તેની સાથે દેવા વિભાગમાંથી નગરપાલિકાને રૂ. ૩૭,૬૧૫,૦૦૦ મળશે ત્યારબાદ અનુદાનમાંથી નગરપાલિકાને ૫૩૬, ૦૩૫, ૦૦૦ મળે તેવું બજેટમાં સુચવાયુ છે. આ ઉપરાંત તા. ૧-૪-૨૦૨૦ના રોજ હિંમતનગર નગરપાલિકાની ઉઘડતી સીલક અંદાજે રૂ. ૧,૦૭૦,૦૦૦,૦૦૦ રહેશે.

ખર્ચની વાત કરીએ હિંમતનગર નગરપાલિકા દ્વારા કાયમી મહેકમ પગારખર્ચ પેટે કર્મચારીઓને રૂ. ૫૨,૨૦૦,૦૦૦ ચુકવાશે. હંગામી કર્મચારીઓ માટે નગરપાલિકા દ્વારા વર્ષ દરમ્યાન ૨૮,૫૦૬,૦૦૦ ખર્ચાશે. સામાન્ય વહીવટ અન્વયે રૂ. ૧૬,૮૫૫,૦૦૦ ખર્ચ થશે. શહેરના નગરજનોને અપાતા પીવાના પાણી માટે પુરવઠા વિભાગની રૂ. ૬૦,૭૭૫,૦૦૦ ફાળવવામાં આવ્યા છે. આરોગ્ય માટે રૂ. ૨૨,૫૦૫.૦૦૦ ખર્ચાશે અને દેવા વિભાગ માટે રૂ. ૫૪,૭૨૦,૦૦૦ની ફાળવણી કરાઈ છે. ગટર યોજના માટે શહેરમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રૂ. ૩૨,૮૫૦,૦૦૦નો ખર્ચ થશે અને બાંધકામ વિભાગને ચાલુ વર્ષે રૂ. ૬૦૨,૮૨૦,૦૦૦ની ફાળવણી કરાઈ છે. તે જોતા તા. ૩૧-૩-૨૦ના રોજ નગરપાલિકાની બંધ સીલક અંદાજે રૂ. ૧૬૦,૦૮૩,૦૦૦ રહેશે. આ બજેટમાં શહેરી, ગરીબો તથા સ્લમ વિસ્તારના વિકાસકામો માટે ફાળવેલ બજેટના ૨૦ ટકા રકમ વાપરવાનો અંદાજ રખાયો છે.